**<u>રેગ્યુ.દિવાની.મુકદમા નં.૦૨/૨૦૧૯.</u>**

## <u>વાદીની આંક–૫ ની વચગાળાના મનાઈ હુકમની અરજી લગત હુકમ.</u>

(૧) વાદીએ પ્રતિવાદી વિરૂદ્ધ કાયમી મનાઈ હુકમ તથા વિજ્ઞાપન મેળવવા માટે હાલનો દાવો કરેલ છે. જેની સાથે સીવીલ પ્રોસીઝર કોડ ઓર્ડર ૩૯ રૂલ–૧, ૨ તથા કલમ–૧૫૧ અન્વયે આંક– ૫ ની કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવા માટેની અરજીના પેરેગ્રાફ નં. ૦૬ માં લખાવ્યા મુજબની દાદ પ્રતિવાદીની વિરૂદ્ધમાં માંગેલ છે.

(૨) વાદીએ સદરહું દાવો તથા મનાઈ અરજી દાખલ કરતાં પ્રતિવાદી વિરૂદ્ધ દાવાનો સમન્સ તથા મનાઈ અરજીની નોટીસો કાઢવાનો હુકમ કરવામાં આવેલ. જે અન્વયે પ્રતિવાદીને સમન્સ તેમજ નોટીસોની ધારા ધોરણસરની બજવણી થયેલ જે અન્વયે પ્રતિવાદી તથા તેમના વિ.વ.શ્રીનાઓ હાજર થયેલા અને તેમનો આંક–૧૧ થી લેખિતમાં જવાબ રજુ રાખેલ છે તથા વાદીના દાવાની હકીકતોનો ઈન્કાર કરેલ છે તેની સામે વાદીએ આંક–૧૩ થી કાઉન્ટર એફીડેવીટ રજુ કરેલ છે અને તેમાં પ્રતિવાદીના લેખિત જવાબની હકીકતો તેઓને કબુલ મંજુર નહી હોવાનું જણાવેલ છે.

(૩) ત્યારબાદ સદર કામે વાદીના વિ.વ.શ્રી હાજર હોય તેઓ તેમની આંક–૫ ની અરજી તથા આંક–૧૭ ની લેખિત દલીલો અન્વયે રજુઆત કરેલ છે અને વિશેષમાં કોઈ રજુઆત કરેલ નથી. સદર હકીકતો રેકર્ડ ઉપર હોય એકની એક હકીકતોનું પુનરાવર્તન ન થાય તે હેતુસર સુવિધા ખાતર અહીંયા ફરીથી વાદીની દાવા અરજીનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી તેમજ આંક–૫ ની અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

(૪) ત્યારબાદ સદર કામે પ્રતિવાદીના વિ.વ.શ્રી હાજર હોય તેમની દલીલો સાંભળવામા આવી. તેઓએ તેમના આંક– ૧૧ ના લેખિત જવાબમાં લખ્યા મુજબની રજુઆત કરેલ છે અને વિશેષમાં કોઈ રજુઆત કરેલ નથી. સદર

હકીકતો રેકર્ડ ઉપર હોય એકની એક હકીકતોનું પુનરાવર્તન ન થાય તે હેતુથી તેનો કોઈ ઉલ્લેખ કરેલો નથી તેમજ આંક–પ ની અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) સદરહું વાદી દ્વારા કરવામાં આવેલ કામચલાઉ મનાઈ હુકમની અરજીના ન્યાયિક નિર્ણયો માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું વાદી સાબીત કરે છે કે, વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે?
(૨) શું વાદી સાબીત કરે છે કે, સગવડતા અને અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે?
(૩) શું વાદી સાબીત કરે છે કે, જો મનાઈ હુકમ આપવામાં ના આવે તો વાદીને નાણાંથી પણ ભરપાઈ ના થઈ શકે તેવું આર્થિક નુક્શાન થવાની સંભાવનાઓ રહેલી છે?
(૪) શું હુકમ?

(૬) ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારમાં.
(૨) અંશતઃ હકારમાં.
(૩) અંશતઃ હકારમાં.
(૪) આખરી હુકમ મુજબ.

(૭) ઉપરોક્ત મુદ્દાઓના નિર્ણયો માટે મારા કારણો નીચે મુજબ છે.

## –//કા ર ણો//–

**મુદ્દા નં. ૧ થી ૩ સંયુક્ત.**

(૮) સદરહું દાવાના પ્લીડીંગ્સ અને રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ અને દલીલો

ધ્યાને લેતા મુદ્દા નં. ૧ થી ૩ નાઓ એકબીજા સાથે પરસ્પર રીતે સંકળાયેલા હોય એકની એક હકીકતોનું પુનરાવર્તન ના થાય તે હેતુથી સુવિધા ખાતર તમામ મુદ્દાઓના નિર્ણયો માટે રજુ થયેલ પુરાવાઓની મુલવણી એક સાથે કરવાનું મુનાસીફ માનેલ છે.

(૯) સમગ્ર દાવાનું રેકર્ડ ધ્યાને લીધું , આ કામના વાદી એ પ્રતિવાદીની પ્રથમ પત્ની મનુબાના દિકરા છે અને મૈયત પ્રતિવાદી કોદરસિંહ તખતસિંહ રાઉલજીએ વાદીની માતાનો ત્યાગ કરેલો અને પ્રતિવાદી નં. ૧ દક્ષાબેન કોદરસિંહ રાઉલજી સાથે લગ્ન કરેલ હતા. જે સંબંધે પ્રતિવાદીનો આંક–૧૧ નો લેખિત જવાબ ધ્યાને લેતા, તેમાં મૈયત કોદરસિંહ તખતસિંહનાઓએ જણાવેલ છે કે, અમો પ્રતિવાદીએ આ કામના વાદીને તથા તેમના માતાને લગ્ન સમયથી ભરણ પોષણ કરતાં આવેલા છીએ તથા હાલના વાદીને નાનપણથી અભ્યાસથી લગ્ન સુધીનો તમામ ખર્ચ ઉપાડેલ છે તથા અવાર નવાર અમો પ્રતિવાદીએ વાદીને જરૂરીયાત મુજબ નાણાં પણ આપતા રહીયા છીએ તથા તેમને વર્ષ દરમિયાન ખેતીમાંથી ઉપજ થતી તેમાં ભાગ પણ આપતા આવેલા છીએ. આમ, વાદીના મૈયત પિતા કોદરસિંહે પણ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, વાદી તેમના પુત્ર છે અને તેમનું ભરણ પોષણ કરતા આવેલા છે તથા ખેતીની જમીનની આવકમાંથી ભાગ પણ આપતા આવેલા છે જેથી પ્રથમ દર્શનીય રીતે એ હકીકત સાબીત થાય છે કે, વાદગ્રસ્ત મિલકતમાં વાદીનો હક્ક હિસ્સો સમાયેલો છે તેમ આ અદાલતનું અતિનમ્રપણે માનવું છે.

વધુમાં વાદી તર્ફે આંક– ૪ થી રજુ રાખવામાં આવેલ દસ્તાવેજ ધ્યાને લેતા, ગામ નમુનો નં. ૭ માં કબજેદાર તરીકે ચંદાબા તખતસિંહ, કોદરસિંહ તખતસિંહ, લક્ષ્મણસિંહ તખતસિંહ, રાજેન્દ્રસિંહ તખતસિંહ તથા કરણસિંહ તખતસિંહનાઓના નામોનો ઉલ્લેખ કરેલ છે. આમ, સદર દસ્તાવેજમાં મૈયત પ્રતિવાદી કોદરસિંહ તખતસિંહના ભાઈ તથા માતા વિગેરેના નામનો ઉલ્લેખ કરેલ છે. જેથી એ હકીકત સાબીત થાય છે કે, વાદગ્રસ્ત જમીન વડીલોપાર્જીત મિલકત છે. આમ, પ્રતિવાદીના મૈયત પિતા કોદરસિંહ તખતસિંહનું નામ પણ

વાદગ્રસ્ત મિલકતમાં સામેલ હોય તેવા સંજોગોમાં હિન્દુ વારસાઈ ધારા અન્વયે વાદીનો કાયદેસર રીતે લાભ–ભાગ, હક્ક–હિસ્સો વાદગ્રસ્ત મિલકતમાં સમાયેલો છે તેમ આ અદાલતનું અતિનમ્રપણે માનવું છે.

વધુમાં વાદીએ પોતાની આંક–૫ ની અરજીમાં દાદ માગેલ છે કે, પ્રતિવાદીઓ વાદીને વાદગ્રસ્ત મિલકતમાં તેઓને પ્રવેશ કરતા અટકાવે નહી પરંતુ સદર દાદ મંજુર કરવા પાત્ર જણાઈ આવતી નથી કારણ કે વાદીના જણાવ્યા પ્રમાણે હાલની વાદગ્રસ્ત મિલકતનો કબજો પ્રતિવાદીઓ ધરાવી રહેલ છે. આમ, પ્રથમથી જ વાદગ્રસ્ત મિલકતનો કબજો ભોગવટો પ્રતિવાદીઓ ધરાવતા હોય અને વાદી પોતે પણ અલગ રહેતા હોય તેવા સંજોગોમાં વાદીને વાદગ્રસ્ત જમીનમાં પ્રવેશ કરતા અટકાવે નહી તેવો હુકમ કરવો ન્યાયોચીત જણાઈ આવતો નથી તથા ઉપરોક્ત કરેલ ચર્ચા મુજબ સગવડત્તા અને અગવડત્તાનું પલ્લુ અંશતઃ વાદીની તરફેણમાં છે તેમજ સદર દાવાના કામે જો વાદીના માંગ્યા મુજબનો મનાઈ હુકમ ન આપવામાં આવે તો તેમને નાણામાં ભરપાઈ ન જઈ શકે તેવું નુકશાન જવાની પુરેપુરી શક્યતા રહેલ છે તેમ આ અદાલતનું અતી નમ્રપણે માનવું છે. આમ, ઉપરોક્ત કરેલ ચર્ચાને આધીન મુદ્દા નં. ૧ નો જવાબ હકારમાં તેમજ મુદ્દા નં. ૨ અને ૩ નો જવાબ અંશતઃ હકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નં. ૪ પરત્વે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## **–//આ ખ રી હુ ક મ//–**

(૧) વાદીની હાલની આંક– ૫ ની વચગાળાની કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવા માટેની અરજી આથી **'' અંશતઃ મંજુર ''** કરવામાં આવે છે.

(૨) વાદગ્રસ્ત મિલકત બાબતે પ્રતિવાદી કે તેમના એજન્ટો, માણસો કોઈ પણ જાતનો વ્યવહાર કરવાનો કે સદર મિલકત કે તેના કોઈ ભાગ બાબતે કોઈપણ પ્રકારના લખાણો, કરારો કે વેચાણ દસ્તાવેજો કરે કરાવે નહી કે તેનો કબજો અન્યને સુપ્રત કરેલ કરાવે નહી તેમજ વાદગ્રસ્ત મિલકત અન્ય કોઈને ટ્રાન્સફર કે એસાઈન કરે કરાવે નહી તેવો સદર દાવો ચાલતા સુધીનો કામ

ચલાઉ મનાઈ હુકમ વાદીની તરફેણમાં અને પ્રતિવાદીઓની વિરૂધ્ધામાં ફરમાવવામાં આવે છે.

(૩) સદર અરજીનું ખર્ચ પ્રતિવાદીઓએ ભોગવવું.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી, જાહેર કર્યો,

| | |
|---|---|
| **તા:04/01/2022**<br>**મુ. ડેસર** | **(કેયુર કિરીટભાઈ પટેલ)**<br>**પ્રિન્સીપાલ સીવીલ જજ અને**<br>**જયુડી.મેજી.ફ.ક., ડેસર.**<br>**G.J.00950** |